# શ્રી અભિનંદન જિન સ્તવન (૧)

**દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ,**
**મૂરતિ હો પ્રભુ મૂરતિ મોહનવેલડીજી;**
**મીઠી હો પ્રભુ મીઠી તાહરી વાણી,**
**લાગે હો પ્રભુ લાગે જેસી શેલડીજી.**

**દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ, મૂરતિ હો પ્રભુ મૂરતિ મોહનવેલડીજી.**

હે પ્રભુ ! હે જગગુરૂ ! મેં આપની મૂર્તિ જોઈ, તો તે મને સાક્ષાત્ મોહનવેલ જેવી લાગી અને આપની વાણી હે પ્રભુ ! મને શેરડી જેવી મીઠી લાગી.

# શ્રી અભિનંદન જિન સ્તવન (૨)

**જાણ્યું હો પ્રભુ જાણ્યું જન્મ કયત્થ,**
**જો હું હો પ્રભુ જો હું તુમ સાથે મિલ્યોજી;**
**સુરમણિ હો પ્રભુ સુરમણિ પામ્યો હત્થ,**
**આંગણે હો પ્રભુ આંગણે મુજ સુરતરૂ ફળ્યોજી.**

**દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ, મૂરતિ હો પ્રભુ મૂરતિ મોહનવેલડીજી.**

હે પ્રભુ ! જો તમને મળવાથી હું તમારા સ્વરૂપને પામી ગયો, અભેદપણે તમારી સાથે મળી ગયો, તો, તેથી હું મારા જન્મને કૃતાર્થ માનું છું. હે પ્રભુ ! તમે મને મળવાથી મારા હાથમાં ચિંતામણિ-રત્ન આવ્યું છે, અને મારા ઘરના આંગણામાં કલ્પવૃક્ષ ફળ્યું છે, એમ હું માનું છું.

# શ્રી અભિનંદન જિન સ્તવન(૩)

જાગ્યા હો પ્રભુ જાગ્યા પુણ્ય અંકૂર,
માગ્યા હો પ્રભુ મુહ માગ્યા પાસા ઢળ્યાજી;
વૂઠા હો પ્રભુ વૂઠા અમીરસ મેહ,
નાઠા હો પ્રભુ નાઠા અશુભ શુભ દિન વળ્યાજી.

દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ, મૂરતિ હો પ્રભુ મૂરતિ મોહનવેલડીજી.

હે પ્રભુ ! આપ મળવાથી મારા પુણ્યના અંકુર પ્રગટ થયા, બધા પાસા સવળા પડ્યા, મારે ત્યાં અમૃતરસના મેઘ વરસ્યા, મારા બધા નબળા દિવસો દૂર થયા અને મારા શુભ દિવસો ઉદયમાં આવ્યા, એમ હું માનું છું.

# શ્રી અભિનંદન જિન સ્તવન (૪)

ભૂખ્યાં હો પ્રભુ ભૂખ્યાં મિલ્યાં ઘૃતપૂર,
તરસ્યાં હો પ્રભુ તરસ્યાં દિવ્ય ઉદક મળ્યાંજી;
થાક્યાં હો પ્રભુ થાક્યાં મિલ્યાં સુખપાલ,
ચાહતાં હો પ્રભુ ચાહતાં સજ્જન હેજે હળ્યાંજી.

દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ, મૂરતિ હો પ્રભુ મૂરતિ મોહનવેલડીજી.

હે પ્રભુ ! આપ મળવાથી ભૂખ્યાને ઘેબર મળતાં, તરસ્યાને અમૃત મળતાં, થાકેલાને પાલખી મળતાં અને સ્વજનોને મળવાને આતુર માણસને સ્વજનો હેતપૂર્વક મળતાં, જે આનંદ થાય તેવો આનંદ મને થયો છે.

# શ્રી અભિનંદન જિન સ્તવન (૫)

દીવો હો પ્રભુ દીવો નિશા વન ગેહ,
સાથી હો પ્રભુ સાથી થલે જળ નૌ મિલીજી;
કલિયુગે હો પ્રભુ કલિયુગે દુલ્લહો મુજ,
દરિશણ હો પ્રભુ દરિશણ લહ્યું આશા ફળીજી.

દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ, મૂરતિ હો પ્રભુ મૂરતિ મોહનવેલડીજી.

હે પ્રભુ ! માણસને અંધારી રાતે દીવાનો પ્રકાશ મળે, ઘોર જંગલમાં ઘર મળે, રણની ભૂમિમાં આંબો મળે, જળમાં નૌકા મળે અને જે આહ્લાદ થાય તેવો આહ્લાદ મને આ કળિયુગમાં દુર્લભ એવું આપનું દર્શન મળ્યું તેથી થયો છે.

# શ્રી અભિનંદન જિન સ્તવન (૬)

**વાચક હો પ્રભુ વાચક જશ તુમ દાસ,**
**વિનવે હો પ્રભુ વિનવે અભિનંદન સુણોજી;**
**કઈયેં હો પ્રભુ કઈયેં મ દેશ્યો છેહ,**
**દેજો હો પ્રભુ દેજો સુખ દરિશણ તણોજી.**

દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ, મૂરતિ હો પ્રભુ મૂરતિ મોહનવેલડીજી.

હે અભિનંદન પ્રભુ ! આપ સાંભળો ! આપનો દાસ યશોવિજય આપને એ પ્રમાણે વિનવે છે કે હવે મને ક્યારેય છેહ ન દેશો, અને સદાકાળ આપના દરિશનનું સુખ આપજો, અર્થાત્ ક્ષાયિક સમકિતનું દાન કરજો.